# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 02-01-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

---

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

## CM APPOINTMENT LETTER

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે એસ.ટી. નિગમના ચાર હજાર 742 ઉમેદવારોને નિમણૂંકપત્ર એનાયત કરશે. ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે યોજાનારા આ સમારોહમાં ત્રણ હજાર 84 ડ્રાઈવર અને એક હજાર 658 હેલ્પર કક્ષાના ઉમેદવારોને નિમણૂંકપત્ર અપાશે. આ કાર્યક્રમમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, રાજ્ય કક્ષાના મંત્રી પ્રવીણ માળી પણ ઉપસ્થિત રહેશે.**

..................................

## RAVI PAK VAVETAR

રાજ્યના ખેડૂતોએ રવિ મોસમમાં ઘઉં, ચણા અને મકાઈ જેવા પાકનું વિક્રમી વાવેતર કર્યું છે. આ મોસમમાં સામાન્ય વાવેતરની સરખામણીએ અત્યાર સુધીમાં 96 ટકા એટલે કે, 44 લાખ 74 હજાર હૅક્ટરમાં વાવેતર સંપન્ન થયું છે. આ સાથે જ પ્રવર્તમાન મોસમમાં ચણાના વાવેતરમાં 13 ટકા અને બટેકાના વાવેતરમાં 18 ટકા વૃદ્ધિ નોંધાઈ છે.

રવિ મોસમની આ વાવણી પ્રક્રિયા આ મહિનાના છેલ્લા સપ્તાહ સુધી યથાવત્ રહેશે. રાજ્યમાં થયેલા આ મબલખ વાવેતરને પગલે આગામી સમયમાં કૃષિ ઉત્પાદનમાં નોંધપાત્ર વૃદ્ધિ થવાની સંભાવના છે તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

. . . . . . . . . . . . .

# ARVALLI CROP HELP

અરવલ્લી જિલ્લા વહીવટી તંત્ર અને જિલ્લા પંચાયત દ્વારા અંદાજે 183 કરોડ રૂપિયાની પાક નુકસાનની સહાય ચૂકવવામાં આવી છે. જિલ્લાના મોટા ભાગના વિસ્તારમાં મગફળી, સોયાબિન સહિતના પાકને નુકસાન થયું હતું. બાદમાં સરવે બાદ ખેતી વિભાગને 86 હજાર 195 અરજી મળતાં ખેડૂતોને સહાય અપાઈ છે. આ અંગે ખેતીવાડી અધિકારી પી. બી. પરમારે વધુ માહિતી આપી.

(BYTE: P. B. PARMAR, KHETIVADI ADHIKARI)

. . . . . . . . . . . . .

# MEHSANA-Prakrutik Krushi Vechan

મહેસાણામાં ખેડૂત તાલીમ કેન્દ્રમાં દર ગુરુવારે પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો માટે એક વેચાણ કેન્દ્ર શરૂ કરાયું છે. જ્યાં પ્રાકૃતિક રીતે ઉગાડેલા શાકભાજી, ફળો અને ધાન્ય પાકો તેમજ જ્યુસનું ખેડૂતો વેચાણ કરે છે. પ્રાકૃતિક ખેતીના લાભ અંગે જાગૃતિ ફેલાવવા અહીં "હું પણ પ્રાકૃતિક ખેતી કરીશ" એવા સૂત્રો સાથે બનાવાયેલા સેલ્ફી પોઈન્ટનો ખેડૂતો લાભ લઈ રહ્યા છે. તેમને આ કેન્દ્ર દ્વારા સારો ભાવ મળી રહ્યો છે.

. . . . . . . . . . . . .

# URBAN PLANNERS INVITATION

રાજ્યમાં પાંચ "સૅટેલાઈટ ટાઉન"ની બૃહદ યોજના બનાવવા સરકારે દરખાસ્ત રજૂ કરીને રાષ્ટ્રીય અને આંતર-રાષ્ટ્રીય સ્તરના અનુભવ ધરાવતા શહેરી આયોજકોને આમંત્રણ આપ્યું છે. શહેરી વિકાસ વર્ષ 2025માં 'અર્નિંગ વૅલ-લિવિંગ વૅલ'ના મંત્રને સાકાર કરવાના ઉદ્દેશથી વર્ષ 2030 સુધીમાં સાણંદ, કલોલ, સાવલી, બારડોલી અને હિરાસરને સૅટેલાઈટ નગર તરીકે વિકસિત કરાશે.

આ નિર્ણયના અમલીકરણના ભાગરૂપે ટૅન્ડર એટલે કે, નિવિદા દ્વારા શહેરી આયોજકોની નિમણૂક કરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. આગામી બે મહિનામાં કન્સલટન્ટ એટલે કે, સલાહકારની નિમણૂક કરાશે, જેઓ એક વર્ષમાં શહેરો માટે બૃહદ યોજના તૈયાર કરીને રજૂ કરશે.

. . . . . . . . . . . . .

# MAHISAGAR CHINESE DORI

મહીસાગર જિલ્લામાં પ્રતિબંધિત ચાઈનીઝ પતંગની દોરીનું વેચાણ કરનારો એક વ્યક્તિ પકડાયો છે. S.O.G. પોલીસે કોઠંબા પોલીસમથક વિસ્તારમાં આવેલા મહારાજ ઢાબા નજીક દરોડા પાડી 36 નંગ ચાઈનીઝ દોરીના ફિરકી સાથે એક વ્યક્તિને પકડ્યો છે. આ સાથે જ પોલીસે દોરી, મૉબાઈલ સહિત 42 હજાર રૂપિયાનો સામાન કબજે કર્યો હતો.

. . . . . . . . . . . . . .

# BOTAD PADYATRA

બોટાદમાં ગઢડા ગોપીનાથજી મંદિર ખાતેથી દ્વારકા સુધીની પદયાત્રાનો આજથી પ્રારંભ થયો. વહેલી સવારે 2500 થી વધુ ભક્તો દ્વારા આરતી સાથે આચાર્ય પક્ષ દ્વારા આયોજિત આ પદયાત્રા શરૂ થઇ, તેમાં અનેક સંતો સહિત સાંખ્યયોગી બહેનો પણ આ પદયાત્રામાં જોડાયા છે.

આ પદયાત્રાનો ઉદેશ્ય બેટી બચાવો અને બેટી પઢાવો અને વૃક્ષ બચાવો વિષે લોકોમાં જાગૃતિ ફેલાવવાનો છે.

. . . . . . . . . . . . . .

# RAJKOT-AROHAN AVROHAN

રાજકોટના ઓસમ ડુંગર ખાતે યોજાયેલી રાજ્યકક્ષાની છઠ્ઠી "ઓસમ આરોહણ - અવરોહણ" સ્પર્ધામાં વિવિધ જિલ્લાના 423 સ્પર્ધકોએ પોતાનું કૌવત બતાવ્યુ.

આ સ્પર્ધામાં ભાઈઓમાં વિહાર મારવાણીયા તેમજ બહેનોમાં ત્રિશા બાવળીયા પ્રથમ ક્રમાંકે વિજેતા રહ્યા.

રાજ્ય સરકાર દ્વારા સ્પર્ધામાં પહેલા ક્રમાંકે વિજેતાને 25 હજાર રૂપિયા, દ્વિતિયને 20 હજાર અને તૃતિયને 15 હજાર રૂપિયા એમ કુલ મળી

પહેલા 10 નંબરના વિજેતાઓને કુલ 2 લાખ 34 હજાર રૂપિયાના ઈનામ, પ્રમાણપત્ર અને વિજયચિન્હ અપાયા.

. . . . . . . . . . . . .

# MARG SALAMATI MAAS -MAHISAGAR

મહીસાગર જિલ્લામાં આજથી 'રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ'નો પ્રારંભ થયો. વાહનચાલકોને હેલ્મેટ, સીટ બેલ્ટ, ઓવર સ્પીડિંગ અને ટ્રાફિકના અન્ય કાયદા અંગે માહિતગાર કરાયા. તેમજ લોકોમાં ટ્રાફિક નિયમ અંગે જાગૃતિ લાવવાના હેતુ સાથે, આગામી એક મહિના સુધી આ જનજાગૃતિ અભિયાન ચાલશે. દરમિયાન  સમગ્ર જિલ્લામાં માર્ગ સલામતી અંગે  વિવિધ કાર્યક્રમ યોજાશે.

. . . . . . . . . . . . .